# Prime Minister Shri Narendra Modi and President of the Republic of Seychelles H.E. Wavel Ramkalawan jointly inaugurate a range of Development Assistance Projects at India-Seychelles High Level Virtual Event (April 8, 2021)

April 08, 2021

---

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રિપબ્લિક ઓફ સેશેલ્સના રાષ્ટ્રપતિ એચ.ઈ.વાવેલ રામકલાવે ભારત-સેશેલ્સ ઉચ્ચ સ્તરીય વિઝ્યુઅલ કાર્યક્રમમાં અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટોનું સંયુક્ત રીતે ઉદઘાટન કર્યું (8 એપ્રિલ 2021)

08 એપ્રિલ, 2021

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સેશેલ્સના રાષ્ટ્રપતિ વાવેલ રામકાલાવન સાથે ડિજીટલ માધ્યમથી વર્ચ્યુઅલ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.સેશેલ્સમાં ભારતની આર્થિક મદદથી તૈયાર થયેલા કેટલાક વિકાસ પ્રોજેક્ટોનું ડિજીટલ માધ્યમથી ઉદઘાટન કરવા તથા સેશેલ્સ કોસ્ટ ગાર્ડના ઉપયોગ માટે ઝડપભેર દેખરેખ રાખી શકાય તેવા જહાજ ભારત દ્વારા સોંપવા આ વર્ચ્યુઅલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

વર્ચ્યુઅલ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ વાવેલ રામકાલાવને સેશેલ્સમાં નિર્માણ પામેલી નવી મેજિસ્ટ્રેટ કોર્ટની બિલ્ડિંગનું સંયુક્ત રીતે ઉદઘાટન કર્યું હતું. આ બિલ્ડિંગ સેશેલ્સમાં ભારતીય મદદથી નિર્માણ પામેલ પ્રથમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે અને ભારત સરકાર તરફથી 3.5 મિલિયન ડોલરની આર્થિક મદદથી તે પૂર્ણ કરવામાં આવેલ છે. સેશેલ્સનું હૃદય ગણાતા રાજધાની વિક્ટોરિયા શહેરમાં સુંદર અને આધુનિક ડિઝાઈન સાથે ઉચ્ચ ગુણવત્તાના ધોરણોને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવેલી મેજિસ્ટ્રેટ્સ કોર્ટ સેશેલ્સની ન્યાય વ્યવસ્થાની ક્ષમતાને નોંધપાત્ર પ્રમાણમાં વેગ આપશે અને બન્ને દેશ વચ્ચેના દ્વિપક્ષીય સહકાર માટે એક સીમાચિન્હરૂપ બની રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ કાર્યક્રમ દરમિયાન સેશેલ્સના રાષ્ટ્રપતિને 48.9m ફાસ્ટ પેટ્રોલ

વેસલ (FPV) સોંપ્યુ હતું. The FPV, built by M/s FPVનું મેસસ જીઆરએસઈ, કોલકાતા દ્વારા રૂપિયા 100 કરોડના ખર્ચથી નિર્માણ કરવામાં આવ્યું છે, જે સેશેલ્સને તેની મેરિટીમ સર્વિલન્સ ક્ષમતાને મજબૂત કરવાની તાત્કાલિક જરૂરિયાતને પૂરી કરવા ભારતની આર્થિક મદદ હેઠળ આ સોગાદ આપવામાં આવી છે.આ અતિઆધુનિક જહાજ સેશલ્સના કોસ્ટ ગાર્ડને તેની વિશાળ દરિયાઈ વિસ્તારમાં વધારે અસરકારક દેખરેખ રાખવા અને સુરક્ષા કરવાની ક્ષમતામાં નોંધપાત્ર પ્રમાણમાં વેગ આપશે તેમ જ દરિયાઈ ચાંચિયાગીરી, માદક પદાર્થો તથા હથિયારોની દાણચોરી-હેરાફેરી તેમ જ ગેરકાયદેસર માચ્છીમારી જેવી સેશેલ્સની જળસીમામાં થતી પ્રવૃતિઓને અટકાવવામાં મદદરૂપ બનશે. દરિયાઈ સુરક્ષાના ક્ષેત્રમાં ભારત અને સેશેલ્સ વચ્ચે મજબૂત સહકાર તેમ જ ભારતની એક વિશ્વાપાત્ર ભૂમિકા તથા સેશેલ્સની એક પસંદગીના સુરક્ષા ભાગીદાર તરીકે આ અત્યાધુનિક જહાજ આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સેશેલ્સના રાષ્ટ્રપતિએ 1 મેગાવોટના સૌર ઉર્જા પ્લાન્ટનું પણ સંયુક્ત રીતે ઉદઘાટન કર્યું હતું, આ સૌર ઉર્જા પ્લાન્ટ ભારતની આર્થિક મદદથી રોમેઈનવેલ આઈસલેન્ડ પર નિર્માણ કરવામાં આવ્યો છે. બન્ને મહાનુભાવે સેશેલ્સમાં દસ (10) જેટલા ભારતીય હાઈ ઈમ્પેક્ટ કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ (HICDPs)નું પણ વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યું હતું.

આ પ્રસંગે બોલતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેશેલ્સ સાથે સહકારને વધારે મજબૂત કરવામાં લોકલક્ષી આંતરમાળખાકીય પ્રોજેક્ટોમાં વિકાસ ભાગીદારીનું શું મહત્વ છે તેના પર ભાર મુક્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એ બાબતની પણ નોંધ લીધી હતી કે નવી મેજિસ્ટ્રેટ્સ કોર્ટ ઉત્તમ ડિઝાઈન અને અત્યાધુનિક સુવિધાથી તૈયાર કરવામાં આવી છે,જે સેશેલ્સની પ્રજાને ન્યાયિક સેવાઓ વધુ સારી રીતે ઉપલબ્ધ બનાવશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે ફાસ્ટ પેટ્રોલ વેસલની સેશેલ્સને સોગાદ એ સેશેલ્સ તેના દરિયાઈ ક્ષેત્રની સુરક્ષા અને દેખરેખ રાખવામાં પોતાની ક્ષમતાને વધુ મજબૂત કરે તેવી ભારતની વચનબદ્ધતાને દર્શાવે છે.

રાષ્ટ્રપતિ વાવેલ રામકાલાવે સેશેલ્સની સુરક્ષા અને વિકાસની જરૂરિયાતને પૂરી કરવામાં ભારત તરફથી જે સહકાર મળી રહ્યો છે તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે બન્ને દેશના મજબૂત અને ઘનિષ્ઠ સંબંધોને આ બાબત પ્રતિત કરે છે.

નવી મેજિસ્ટ્રેટ કોર્ટની બિલ્ડિંગ, 1 મેગા વોટનો સૌર ઉર્જા પ્લાન્ટ, HICDPનું ઉદઘાટન તથા FPV સોંપવામાં આવ્યું તે સેશેલ્સ સાથે લાંબા ગાળાના તથા વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકેની ભારતની ભૂમિકાને દર્શાવે છે તેમ જ મજબૂત દ્વિપક્ષીય સંબંધ પ્રત્યેની પોતાની વચનબદ્ધતાને દર્શાવે છે.

'SAGAR-સિક્યુરીટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન ધ રિજન'ના પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને આ સહકારપૂર્ણ પ્રોજેક્ટો આ કાર્યક્રમમાં દર્શાવે છે.

**નવી દિલ્હી**
**08 એપ્રિલ,2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.